# રાજય કલામહાકુંભના આયોજનમાં સુધારા બાબત.

ગુજરાત સરકાર

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: યસપ-૧૦૨૦૧૭-૮૯૭(ભાગ-૧)/અ

બ્લોકનં- ૨, ૮મો માળ, સરદાર ભવન,

સચિવાલય ગાંધીનગર-382010

www.sycd.gujarat.gov.in

તા. ૦૯/૦૧/૨૦૨૦

**વંચાણે લીધા :**

(૧) રમતગમત યુંવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૦૧/૦૭/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક યસપ/૧૦૨૦૧૭/૮૯૭/અ

(૨) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૪/૦૭/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક યસપ/૧૦૨૦૧૭/૮૯૭/અ

(૩) કલા મહાકુંભની રાજ્યકક્ષાની અમલીકરણ સમિતિની તા.૦૭/૦૧/૨૦૨૦ ની બેઠકની કાર્યવાહી નોંધ.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્રમાક:૧ ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા રાજયમાં પ્રતિવર્ષ સમગ્ર રાજય વ્યાપી સાંસ્કૃતિક કલાઓની સ્પર્ધાઓના સમુહ કાર્યક્રમ તરીકે "કલામહાકુંભ"નું આયોજન કરવાનું ઠરાવવામાં આવેલ છે તથા કલા મહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટે રાજ્યકક્ષાની અમલીકરણ સમિતિની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: ૩ની કલા મહાકુંભની રાજ્યકક્ષાની અમલીકરણ સમિતિની બેઠક નોંધની વિગતોએ, કલા મહાકુંભની કામગીરી વધુ સારી અને ગુણવત્તા વાળી બને તે માટે સુધારા સૂચવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, આથી રાજય કલામહાકુંભના આયોજન અંગે નીચે મુજબના સુધારા કરવાનું ઠરાવવામાં આવે છે.

Scanned by CamScanner

(૧) વંચાણે લીધા ક્રમાંક:૧ ના ઠરાવના પરિશિષ્ટ-૧ માં કલાકૃતિઓ(સ્પર્ધાઓ) માં ક્રમ નં. ૫ અને ૬ સાથે નીચે મુજબની કલાકૃતિઓ ઉમેરવામાં આવે છે.

| ક્રમ | મુખ્ય કલા/ વિભાગ | કલાની વિગત | તાલુકા/ઝોન કક્ષા | જિલ્લા કક્ષા |
|---|---|---|---|---|
| ૫ | સાહિત્ય વિભાગ | (૧) વકતૃત્વ<br>(૨) નિબંધ<br>(૩) કાવ્ય લેખન<br>(૪) ગઝલ –શાયરી<br>(૫) લોકવાર્તા<br>(૬) દુહા-છંદ-ચોપાઈ | વકતૃત્વ<br>નિબંધ | લોકવાર્તા<br>કાવ્ય લેખન<br>દુહા-છંદ-ચોપાઈ<br>ગઝલ શાયરી |
| ૬ | કલા વિભાગ | (૧) ચિત્રકલા,<br>(૨) સર્જનાત્મક કારીગરી | ચિત્રકલા | સર્જનાત્મક કારીગરી |

(૨) વંચાણે લીધા ક્રમાંક:૧ ના ઠરાવના પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ નિર્ણાયકોના સ્પર્ધાના દિવસે માનદ વેતનમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| કક્ષા | | માનદ વેતન |
|---|---|---|
| તાલુકા | નિર્ણાયક | ૫૦૦/- |
| | વ્યવસ્થાપકો | ૨૫૦/- |
| | એનાઉન્સર સ્ટેજ વાઇઝ | ૫૦૦/- |
| જિલ્લા | નિર્ણાયક | ૧૦૦૦/- |
| | વ્યવસ્થાપકો | ૩૫૦/- |
| | એનાઉન્સર સ્ટેજ વાઇઝ | ૧૦૦૦/- |
| રિજ્યોનલ (પ્રદેશ) | નિર્ણાયક | ૨૦૦૦/- |
| | વ્યવસ્થાપકો | ૫૦૦/- |
| | એનાઉન્સર સ્ટેજ વાઇઝ | ૨૦૦૦/- |
| રાજ્ય | નિર્ણાયક | ૨૫૦૦/- |
| | વ્યવસ્થાપકો | ૬૦૦/- |
| | એનાઉન્સર સ્ટેજ વાઇઝ | ૨૫૦૦/- |



Scanned by CamScanner

(૩) વંચાણે લીધા ક્રમાંક:૧ ના ઠરાવના ક(બ) થી બનાવેલી કલા મહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટેની પ્રદેશકક્ષાની/જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતીમાં સભ્ય સચિવ તરીકે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી રહેશે અને જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી સહ સભ્ય સચિવશ્રી તરીકે રહેશે.

(૪) સ્પર્ધકોને સ્થળ ઉપર જ પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.

(૫) નિર્ણાયકોને સ્પર્ધા સ્થળ ઉપર જ માનદ વેતન અને પ્રવાસ ખર્ચ મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) નિર્ણાયકશ્રીઓને પ્રદેશ તથા રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વર્ગની મર્યાદામાં પ્રવાસ ખર્ચ ચુકવવો.

(૭) કલા મહાકુંભમાં દૈનિક ભોજન રૂ. ૨૫૦/- લેખે ચુકવવાનું રહેશે.

(૮) કલા મહાકુંભ સ્પર્ધા માટે થીમ સોંગ, એફ. એમ રેડિયો, ટી.વી. જાહેરાત, હોર્ડીગ્સ બેનર, પ્રચાર-પ્રસાર, માન. મુખ્યમંત્રીશ્રીનો વીડીયો સંદેશ વગેરે માધ્યમો દ્વારા બહોળો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

(૯) કલા મહાકુંભ સ્પર્ધા પહેલા સંબંધિતોને ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

(૧૦) નૃત્ય વિભાગમાં ફેરફાર કરી સાંસ્કૃતિક વિભાગમાં પ્રદેશ કક્ષાએ મણીપુરી નૃત્યને બદલે મોહિની અટ્ટમની શાસ્ત્રીય નૃત્ય શૈલી પ્રદેશકક્ષાએ ફેરફાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બિપિન જાદવ)
ઉપ સચિવ(સાં.પ્ર)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

ક્રમાંક:યોજના/૫૨૨/૨૦૧૯/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner